# કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર

## (૧) ખાનગી પ્રોજેક્ટમાંથી વીજ ખરીદી કરવાના કારણો શું છે?

<u>જવાબ</u>

- વર્ષ ૨૦૦૨માં રાજ્યની મહત્તમ વીજ માંગ ૭૭૪૩ મે.વો હતી જે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૪૫૪૪ મે.વો. થયેલ છે. એટલે કે છેલ્લા બે દાયકામાં રાજ્યની મહતમ વીજ માંગમાં ૩ ગણો વધારો થયેલ છે જે વીજ ક્ષેત્રની સાથે સાથે સમગ્ર રાજ્યની પ્રગતિ દર્શાવે છે.
- અગાઉ ખેતીવાડી વીજ જોડાણો માટે ખેડૂતોને ૧૫ વર્ષ જેટલી રાહ જોવી પડતી હતી અને લાંબુ વેઇટિંગ હતું જ્યારે હાલમાં ખેડૂતોને અરજી કર્યેથી અંદાજે ૩ થી ૬ માહિનામાં વીજ જોડાણ મંજૂર કરવામાં આવે છે.
- ગુજરાતમાં ખેતીવાડી અને ઉધ્યોગોનો વિકાસ થવાથી તેમજ શહેરીકરણને લીધે લોકોના જીવન ધોરણમાં સુધારો (Ease of Living) થવાને કારણે રાજ્યનું per capita consumption જે વર્ષ ૨૦૦૩માં ૯૫૩ યુનિટ હતું જે વર્ષ ૨૦૧૩માં per capita consumption ૧૮૦૦ યુનિટ હતું જે આજે ૨૦૨૩માં બે ગણાથી વધુના વધારા સાથે ૨૪૦૨ યુનિટ થયેલ છે એટલુ જ નહીં પરંતુ સમગ્ર દેશના per capita consumption (૧૨૫૫ યુનિટ) કરતાં લગભગ બમણું છે. આમ વધતી જતી વીજમાંગને પહોચી વળવા માટે રાજ્ય સરકારે વીજળી ખરીદવી પડે છે.
- ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સમક્ષ લોકોની માંગણી આવી કે સાંજના સમયે વાળું ટાણે તો વીજળી આપો ત્યારે રાજ્ય દ્વારા તમામ ગામડાઓમાં ૨૪ કલાક ૩ ફેઝ વીજ પુરવઠો

ઉપલબ્ધ કરવાના હેતુથી જ્યોતિગ્રામ યોજનાનું સફળ અમલીકરણ કરવામાં આવેલ. જેના કારણે રાજયના વિકાસમાં ગામડાઓ પણ સહભાગી બન્યા છે.

- રાજ્યની maximum demand માં વર્ષ ૨૦૧૭ (૧૭૦૯૭ મેગાવોટ) થી ૨૦૨૩ (૨૪૫૪૪ મેગાવોટ) સુધીમાં ૪૩.૫% નો તથા રાજ્યના વાર્ષિક વીજ વપરાશમાં વર્ષ ૨૦૧૭ (૮૬૫૯૧ મિલિયન યુનિટ્સ) થી વર્ષ ૨૦૨૩ (૧૨૩૦૩૨ મિલિયન યુનિટ્સ) સુધીમાં ૪૧.૨૮% નો વધારો થયો છે.
- કેન્દ્ર સરકારની વર્ષ ૨૦૦૬ની નેશનલ ટેરીફ પોલીસી મુજબ ખાનગી વીજઉત્પાદકો પાસેથી માત્ર સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા વીજ ખરીદી કરવાનો નિર્દેશ આપવામાં આવેલ.
- રાજ્યની કુલ પરંપરાગત સ્ત્રોતની વીજ ક્ષમતામાં આયાતી કોલસા આધારિત ખાનગી વીજ મથકોની વીજ ક્ષમતાનો 25% થી વધારે ફાળો છે.

**(Total 5361 MW : Adani - 2434 MW, Tata -1805 MW અને Essar - 1122 MW)**

- સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવ વધારો થવાના કારણે વીજ પ્રોજેક્ટ દ્વારા પ્લાન્ટ બંધ કરી દેવામાં આવેલ અને સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતા સંબંધિત મુદાઓ ઉદ્ભવેલ
- આયાતી કોલસા આધારિત આ ખાનગી વીજ મથકોનું સંચાલન વધતી જતી વીજ માંગને પહોંચી વળવા માટે જરૂરી છે. ઉપરોક્ત પાવર પ્લાન્ટની કામગીરી ન થવાથી લોડ શેડિંગ થઈ શકે.
- આ વિકટ પરિસ્થિતિ દરમ્યાન રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા રાજ્યના ખેતીવાડી ક્ષેત્ર સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે વિવિદ્ય સ્ત્રોતમાંથી વીજ પુરવઠો મેળવવામાં આવેલ જેવાકે.....

- ✓ પાવર એક્ષ્ચેન્જમાંથી વીજ ખરીદી
- ✓ ઓક્ટો.થી ડીસે.-૨૧ દરમ્યાન ૫૦૦ મે.વો શોર્ટ ટર્મ માટેનો વીજ ખરીદ કરાર
- ✓ ઓક્ટો.-૨૧ થી જુલાઈ-૨૩ - ૧૦૦૦ મે.વો મીડીયમ ટર્મના વીજ ખરીદ કરાર
- ✓ કેન્દ્રિય વીજ મથકોમાંથી અન-રીકવીઝીશનડ પાવર સપ્લાય (URS) માંથી વીજ ખરીદી
- ✓ કેન્દ્રિય વીજ મથકો માંથી અન એલોકેટેડ પાવરના એલોકેશન માંથી વીજ ખરીદી
- ✓ ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ભારતના તમામ આયાતી કોલસા આધારિત જનરેટર્સને વીજળી ઉત્પન્ન કરવા અને સપ્લાય કરવા માટે ઇલેક્ટ્રિસિટી એક્ટ 2003ની કલમ 11 હેઠળ નિર્દેશ જારી કરવામાં આવેલ

  આમ,વિકટ પરિસ્થિતિમાં જયારે અન્ય રાજ્યો દ્વારા તીવ્ર ખોટના કારણે લોડ શેડીંગ કરવામાં આવેલ ત્યારે ગુજરાત દ્વારા ઉપરોક્ત તમામ વિકલ્પો થકી પુરતી વીજળીની વ્યવસ્થા કરવામાં આવેલ. વધુમાં, ખેતીવાડી ક્ષેત્રે પણ પુરતો વીજ પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવેલ.
- ✓ ખાનગી પ્રોજેક્ટના માલિકીપણાને ધ્યાનમાં લીધા સિવાય GERC દ્વારા જાહેર કરવામાં આવેલ પદ્ધતિ અનુસરતા મેરિટ ઓર્ડર મુજબ જ વીજળી ખરીદવામાં આવે છે. આમ જ્યારે જરૂરિયાત મુજબની વીજળી મેરિટ ઓર્ડર અનુસરતા અદાણી પાવરનો ક્રમ આવે ત્યારે જ ખરીદવામાં આવેલ છે.

- ✓ ૨૦૧૭માં ખાનગી આયાતી કોલસા આધારિત પ્રોજેક્ટ્સમાંથી કુલ વીજ ખરીદીના લગભગ ૩૨% જેટલી વીજળી ખરીદવામાં આવેલ જ્યારે ૨૦૨૩માં ખાનગી આયાતી કોલસા આધારિત પ્રોજેક્ટ્સમાંથી કુલ વીજ ખરીદીના લગભગ ૧૬% જેટલી વીજળી ખરીદવામાં આવેલ છે.
- ✓ ૨૦૧૭ થી૨૦૨૩ સુધીમાં સોલર જનરેશનમાં ૪ ગણા જેટલો વધારો થયો છે. (૨૦૧૭માં - ૨૦૪૮ Mus થી વધીને ૨૦૨૩સુધીમાં - ૮૦૭૭ Mus)

## • સ્થાપિત ક્ષમતામાં ગુજરાતની સ્થિતિ

- ✓ રિન્યુએબલ ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ૨૧,૯૭૭ મેગાવોટ (ડિસે.૨૩) સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે છે.
- ✓ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ૧૧,૨૨૪ મેગાવોટ (ડિસે.૨૩) સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે અને સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ૧૦,૫૪૯ મેગાવોટ (ડિસે.૨૩) સાથે ગુજરાત દેશમાં બીજા ક્રમે છે.
- ✓ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં રિન્યુએબલ ઊર્જાનો હિસ્સો ૨૧,૯૭૭ મેગાવોટ સાથે ૪૭% જેટલો છે.
- ✓ સોલર રૂફટોપમાં દેશભરમાં સ્થાપિત થયેલ કુલ ક્ષમતાના ૩૦% ક્ષમતા સાથે ગુજરાત પ્રથમ નંબરે છે. વધુમાં રહેણાક હેતુના રૂફટોપ સ્થાપન ક્ષેત્રે ૮૨% હિસ્સો ધરાવે છે.
- ✓ અત્યાર સુધીમાં રાજયમાં રહેણાક હેતુનું વીજ જોડાણ ધરાવતા ૫ લાખથી વધુ વીજ ગ્રાહકોએ સોલર રૂફટોપ સિસ્ટમ લગાવેલ છે જેની ક્ષમતા ૨૦૨૫ મેગાવોટ છે અને આ વીજગ્રાહકોને વીજ બિલમાં રૂ. ૨૦૦૦ કરોડ જેટલી બચત થયેલ છે તથા સ્વવપરાશ ઉપરાંતની વીજળીને વેચીને રૂ.૨૨૮ કરોડ જેટલી કમાણી કરેલ છે.

- <u>રિન્યૂએબલ ક્ષમતા વધારવાનું આયોજન</u>

✓ આ વર્ષે ૯૫૦૦ મેગાવોટ રિન્યૂએબલ વીજળી ખરીદવા માટે PPA કર્યા છે અને ૨૫૦૦ મેગાવોટના ટેન્ડર invite કર્યા છે જે વીજળી પણ એકાદ વર્ષમાં આવી જશે.

✓ આમ , રિન્યૂએબલ વીજળીનો વધુને વધુ ઉપયોગ થાય અને કોલસા આધારિત વીજળીના વપરાશમાં ક્રમશ: ઘટાડો થાય તે મુજબનું આયોજન છે.

- પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવેલ છે કે આ payment provisional છે અને યોગ્ય નિર્ણય થયેથી એની આખરી અસર આપવામાં આવશે.

## (૧) ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદવાના શા કારણો છે?

**જવાબ**

- નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ દ્વારા વીજ વિતરણ કંપનીઓને ખાનગી વીજ પ્રોજેક્ટ સાથેના વીજ ખરીદીના કરાર માત્ર સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી કરવાનો નિર્દેશ આપવામાં આવેલ તથા સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી વીજ ખરીદી માટે Standard Bidding Documents જાહેર કરવામાં આવેલ.

**(નેશનલ ટેરીફ પોલીસી વર્ષ-૨૦૦૬માં તત્કાલીન યુપીએ સરકારના શાસનકાળ દરમ્યાન અમલમાં આવેલ છે.)**

- GUVNLએ મુન્દ્રા UMPP પાસેથી રૂ 2.26/યુનિટ (લેવલાઇઝ્ડ ટેરિફ)ના દરે 1805 મેગાવોટના સપ્લાય માટે CGPL સાથે તારીખ 22.04.2007ના PPA (Power Purchase Agreement) પર હસ્તાક્ષર કરેલ. PPA એ સંયુક્ત કરાર છે જેમાં મહારાષ્ટ્ર (760 MW), હરિયાણા (380 MW), પંજાબ (475 MW) અને રાજસ્થાન (380 MW) જેવા અન્ય લાભાર્થી રાજ્યોનો હિસ્સો છે.

- સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયામાં સૌથી ઓછો લેવાલાઈઝડ દર ધરાવતી કંપની પસંદગી પામેલ છે અને વીજ કરાર માટે વીજ નિયમન આયોગની મંજુરી મેળવવામાં આવેલ છે.

- આ વીજ ખરીદી કરાર ઈલેક્ટ્રિસિટી એક્ટ 2003ના સેક્શન 63 એટલે કે સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા થકી કરવામાં આવેલ છે તથા આ વીજ કરારને કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા તા 19.09.2007ના રોજ મંજૂર કરવામાં આવેલ છે.

- ટાટા પાવર હાલમાં Ministry of Power ના તા. ૨૦.૦૨.૨૦૨૩ના સેક્શન-૧૧ના નિર્દેશ હેઠળ પાવર સપ્લાય કરે છે, જેમાં એનર્જી ચાર્જ Ministry of Powerની એક્સપર્ટ કમિટી દ્વારા સૂચિત દર અને PPA મુજબ ફિક્સ ચાર્જ મુજબ ચૂકવવામાં આવે છે. (ફિક્સ કોસ્ટની ચુકવણી કરારની શરતો મુજબ પ્લાન્ટની ઉપલધતાના આધારે કરવામાં આવે છે.)

## વિવિધ વીજ મથકો માંથી વીજળી ખરીદવામાં મેરીટ ઓર્ડરની ભૂમિકા

- વીજળીની ખરીદી વીજ મથકોની માલિકીના આધારે નહિ પરંતુ ગુજરાત વીજ નિયમન આયોગના તા. ૧૦.૧૦.૨૦૦૦ નિર્દેશ મુજબ વીજળીની કુલ ખરીદ કિંમત ઘટાડવાના હેતુથી મેરીટ ઓર્ડર એટલે કે બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ (સસ્તાથી મોંધા ક્રમમાં) વીજ જરૂરીયાત પુર્ણ થાય ત્યાં સુધી મેરીટના ધોરણે વીજળીની ખરીદી કરવામાં આવે છે.
- આમ વીજળીની ખરીદી વીજ મથકોની માલિકીના ધોરણે નહિ પરંતુ તેના બળતણ ખર્ચના આધારે એટલે કે મેરીટના ધોરણે કરવામાં આવે છે.
- મેરીટ ઓર્ડર દર પખવાડિયે (15 દિવસે) બનાવવામાં આવે છે જે અંતર્ગત વીજ ઉત્પાદન અને ખરીદીના ખર્ચની ગણતરી માટે લાગુ પડતા ખર્ચ જેવા કે કોલસા, ગેસ, લીગનાઈટ વિગેરે જેવા ફયુલના ભાવ મુજબ બળતણ ખર્ચ, ટ્રાન્સમિશન લોસ વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જે સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરની (SLDC) વેબસાઇટ પર સૌ કોઈ જોઈ શકે છે.
- રીયલ ટાઇમ (real time) વીજ ખરીદી માટે સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર (SLDC) દ્વારા મેરીટ ઓર્ડરને ધ્યાનમાં લઈને વિવિધ ઉત્પાદન સ્ત્રોતમાંથી વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે જેમાં વીજ મથકોની માલીકીને એટલે કે રાજ્ય હસ્તક, ખાનગી કે કેન્દ્ર સરકાર હસ્તક છે તેને ધ્યાને લેવામાં આવતું નથી પંરતુ તેના બળતણ ખર્ચના ભાવોને (સસ્તાથી મોંઘા) ધ્યાનમાં રાખીને વીજમાંગને પહોચી શકાય તેટલી વીજ ખરીદી કરવામાં આવે છે.

# વીજ કંપનીઓ દ્વારા વીજ ખરીદી પેટે ચૂકવવામાં આવેલ નાણાં અન્વયે વાર્ષિક હિસાબની આયોગ દ્વારા ચકાસણી / કેગ દ્વારા ઓડિટ

- ઇલેક્ટ્રીસીટી એક્ટ ૨૦03 ની સેક્શન ૬૧ તથા ભારત સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૧૬ની જોગવાઈ 5.11 (h) મુજબ, નામદાર વીજ નિયમન આયોગે Multi Year Tariff ફ્રેમ વર્ક અંતર્ગત વીજકંપનીઓ માટે પ્રતિ વર્ષ વીજ દર નક્કી કરવાના રહે છે. જે અનુસાર, વીજ વિતરણ કંપનીઓ દ્વારા ઇલેકટ્રીસીટી એક્ટ ૨૦03ની સેક્શન ૬૧થી૬૪ અંતર્ગત તથા GERC Multi Year Tariff જાહેરનામું અન્વયે પ્રતિ વર્ષ ખર્ચાઓ તથા આવકના હિસાબો રજુ કરવાના રહે છે જેમાં પાછલા વર્ષનું True-up (reconciliation) અને આવનાર વર્ષ માટે વાર્ષિક રાજસ્વની જરૂરિયાત (Aggregate Revenue Requirement) અને ગ્રાહકોના વીજદર નક્કી કરવાની અરજી દાખલ કરવાની રહે છે. વધુમાં, સદર અરજી તમામ લાગુ પડતા દસ્તાવેજી પુરાવાઓ સહીત વીજવિતરણ કંપનીની વેબસાઈટ પર  જાહેર જનતાની જાણ સારું ઉપલબ્ધ હોય છે.
- ગુજરાત વીજ નિયમન આયોગ વીજ વિતરણ કંપનીઓના તમામ ખર્ચ અને આવક સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ સહીત ચકાસે છે અને જાહેર સુનાવણીની પ્રક્રિયા અનુસરી અરજદારોના વાંધાઓ/સૂચનો ધ્યાને લઇ પ્રત્યેક કક્ષાના વીજગ્રાહકોના વીજદર પારદર્શક પ્રક્રિયા દ્વારા નક્કી કરે છે.
- આમ, વીજવિતરણ કંપનીઓ દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચાઓ, આવક અને વાર્ષિક હિસાબો જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત નામદર આયોગ દ્વારા ચકાસવામાં આવે છે.

- વાર્ષિક વીજ દર નક્કી થયા બાદ, વીજકંપની દ્વારા વીજ ઉત્પાદકને કરાર હેઠળ વીજ પુરવઠા અન્વયે ચૂકવવામાં આવેલ રકમ ત્રિમાસિક ધોરણે ફયુલસર ચાર્જ માટે ગુજરાત વીજ નિયમન આયોગ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

- વધુમાં, વાર્ષિક વીજ દર નક્કી થયા બાદ વીજ ઉત્પાદન માટે વપરાતા બળતણ, પરિવહન વિગેરેના દરોમાં જે ફેરફાર થાય તેના માટે, ફ્યુઅલ સરચાર્જની ગણતરી અન્વયે વીજમથક દીઠ હકીકતમાં થયેલ ચુકવણીની તમામ માહિતી ચકાસણી અન્વયે રજૂ કરવામાંઆવે છે અને સમગ્ર પ્રક્રીયા પારદર્શી છે.
- આમ, નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા વીજ વિતરણ કંપનીઓના ખર્ચાઓની સંપૂર્ણ પણે ચકાસણી પારદર્શી રીતે કરવામાં આવે છે. આ ઉપરાંત, વીજ વિતરણ કંપનીઓના ખર્ચાઓનું કેગ (CAG) દ્વારા પણ સંપૂર્ણ ઓડીટ કરવામાં આવે છે.

## (૨) ખાનગી વીજ મથકોની વીજ ખરીદ કીમત રાજ્ય હસ્તકના વીજ મથકો કરતા સામાન્ય રીતે ઓછા હોવાના શા કારણો છે?

### માનનીય ધારાસભ્યશ્રી – કિરીટભાઈ પટેલ – ઊંઝા

- છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ખાનગી વીજ મથકો અને સરકારી હસ્તકની કંપની GSECL માંથી થયેલ વીજ ખરીદીની વિગત

| Sector | ૨૦૨૨ | | ૨૦૨૩ | |
|---|---|---|---|---|
| | મિલિયન યુનિટસ | રૂ/યુનિટ | મિલિયન યુનિટસ | રૂ/યુનિટ |
| ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન (GSECL) | ૨૨૮૮૧ | ૫.૪૮ | ૨૨૪૩૦ | ૬.૧૧ |
| ખાનગી વીજ મથકો (પરંપરાગત સ્ત્રોત) | ૧૮૪૭૩ | ૬.૭૫ | ૨૦૪૮૮ | ૫.૮૧ |

- રાજ્ય હસ્તકની વીજ કંપનીનો (GSECL) નો વીજ ઉત્પાદન ખર્ચ વધારે હોવાના કારણો નીચે મુજબ છે:

✓ GSECLના વીજ મથકો પર વપરાશમાં લેવાતા કોલસાની કીમત વધારે છે કારણકે આ કોલસો કોલ ઇન્ડિયાની દુર સ્થિત કોલસાની માઈનસમાંથી રેલ્વે દ્વારા મેળવવામાં આવે છે જે અંદાજે ૧૫૦૦ કી.મી થી પણ વધારે અંતરે સ્થિત છે

✓ GSECL પ્લાન્ટસ પર ઉપલબ્ધ થતા SECLનાં કોલસા માટે અંદાજે રૂ ૨૫૦૦/મેટ્રિક ટન પરિવહન ખર્ચ (transportation cost) લાગે છે

✓ ખાનગી વીજ મથકો જે આયાતી કોલસા આધારિત છે તે કોસ્ટલ વિસ્તારમાં (coastal area) સ્થિત છે જયારે ખાનગી વીજ મથકો જે ડોમેસ્ટિક કોલસા આધારિત છે તે કોલસાની માઈનની નજીક સ્થિત છે (Pit head) – આ કારણોસર તેમના દ્વારા થતો પરિવહન ખર્ચ પ્રમાણમાં ઓછો હોય છે.

✓ GSECLના ઘણા વીજ મથકો 20-25 years જુના છે અને ઓછી કાર્યદક્ષતા (efficiency) ધરાવે છે જયારે ખાનગી વીજ મથકોના પ્રોજકેટ અદ્યતન super critical ટેકનોલોજી આધારિત છે જે વધારે efficiency ધરાવે છે.

## (3) આયાતી કોલસાના ભાવમાં વધારો થવાને કારણે કયા પ્રોજેક્ટ્સ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે?

### માનનીય ધારાસભ્યશ્રી – રાકેશભાઈ દેસાઇ

**જવાબ**

- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા ટેરિફ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલ અને વીજ ખરીદી કરાર કરેલ આયાતી કોલસા આધારિત ખાનગી પ્રોજેક્ટ્સ...

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. – ૧૮૦૫ મે.વો.

(Original કરાર - ૧૮૦૫ **મે.વો.** – વર્ષ ૨૦૦૭)

(૨) અદાણી પાવર મુન્દ્રા લી, મુન્દ્રા બીડ -૧ – ૧૨૦૦ મે.વો.

(original કરાર – ૧૦૦૦ મે.વો. – વર્ષ ૨૦૧૮માં સપ્લીમેનટલ કરાર થકી વધારાની ૨૦૦ મે.વો. ક્ષમતા કરારિત કરવામાં આવેલ છે.)

(3) અદાણી પાવર મુંદ્રા લી. બીડ-૨ - ૧૨૩૪ મે.વો.

(Original ૧૦૦૦ મેગાવોટ વર્ષ ૨૦૧૮માં સપ્લીમેંટરી કરાર થકી વધારાની ૨૩૪ મેગાવોટ ક્ષમતા કરારીત કરવામાં આવેલ છે.

(૪) એસ્સાર પાવર ગુજરાત લી. – સલાયા – ૧૧૨૨ મે.વો.

(original – 1000 MW, ૨૦૨૧માં SPPA 122 MW additional)

કુલ ખાનગી પ્રોજેક્ટ્સ – કોસ્ટલ ગુજરાત – ૧૮૦૫ MW

અદાણી પાવર – ૨૪૩૪ MW

એસ્સાર પાવર – ૧૧૨૨ MW

**કુલ – ૫૩૬૧ MW**

ઉક્ત પ્રોજેક્ટ ગુજરાત રાજ્યમાં સ્થિત છે અને આયાતી કોલસાના ભાવમાં વધારો થવાના કારણે નાણાકીય મુશ્કેલીઓ અનુભવાતી હોવાનું દર્શાવવામાં આવેલ છે.

## (૪) રાજ્યની વીજ માંગની સામે ખાનગી વીજ મથકોનો કુલ ખરીદીમાં કેટલો ફાળો છે?

## માનનીય ધારાસભ્યશ્રી – મહેશભાઇ કસવાલા

### જવાબ

| Year | | Adani Power | Tata Power | Essar Power | ACB India | Total - private | Power Exchanges | RE | Total purchase |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2023 | MUS | 7424 | 7890 | 3804 | 1370 | **20488** | 7743 | 16405 | **123032** |
| | % | 6.0% | 6.4% | 3.1% | 1.1% | **16.7%** | 6.3% | 13.3% | |
| 2022 | MUS | 6007 | 10447 | 1168 | 852 | **18474** | 8447 | 15271 | **119286** |
| | % | 5.0% | 8.8% | 1.0% | 0.7% | **15.5%** | 7.1% | 12.8% | |
| 2021 | MUS | 5589 | 7315 | 749 | 973 | **14626** | 15289 | 12958 | **106777** |
| | % | 5.2% | 6.9% | 0.7% | 0.9% | **13.7%** | 14.3% | 12.1% | |
| 2020 | MUS | 6996 | 11929 | 4530 | 1169 | **24624** | 3187 | 10343 | **90017** |
| | % | 7.8% | 13.3% | 5.0% | 1.3% | **27.4%** | 3.5% | 11.5% | |
| 2019 | MUS | 13053 | 12218 | 2807 | 1165 | **29243** | 1963 | 10781 | **94491** |
| | % | 13.8% | 12.9% | 3.0% | 1.2% | **30.9%** | 2.1% | 11.4% | |
| 2018 | MUS | 6501 | 12107 | 48 | 1511 | **20167** | 7795 | 9057 | **97653** |
| | % | 6.7% | 12.4% | 0.0% | 1.5% | **20.7%** | 8.0% | 9.3% | |
| 2017 | MUS | 10918 | 11684 | 3452 | 1454 | **27508** | 3255 | 7996 | **86591** |
| | % | 12.6% | 13.5% | 4.0% | 1.7% | **31.8%** | 3.8% | 9.2% | |

**(પ) વર્ષ ૨૦૨૨ & ૨૦23 દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા વિવિધ સેક્ટર મુજબ કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવેલ છે? તથા વીજ ખરીદીમાં વિવિધ સેક્ટરનો હિસ્સો કેટલો છે?**

**માનનીય ધારાસભ્યશ્રી – સંજયભાઈ કોરડીયા**

## જવાબ

છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી દ્વારા વિવિધ સેક્ટર મુજબ ખરીદેલી કુલ વીજળીની માહિતી.

| સેક્ટર | ૨૦૨૨ | | | ૨૦૨3 (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % | મિલિયન યુનિટ્સ | રૂ/યુનિટ | % |
| જી.એસ.ઈ.સી.એલ | ૨૨૮૮૧ | રૂ ૫.૪૮ | ૧૯% | ૨૨૪૩૦ | રૂ ૬.૧૧ | ૧૮% |
| રાજ્ય હસ્તક | ૩૨૨૫ | રૂ ૫.૩૯ | ૩% | ૩૩૦૨ | રૂ ૫.૭૨ | ૩% |
| કેન્દ્ર હસ્તકના | ૪૨૩૬૭ | રૂ ૪.૪૯ | ૩૬% | ૪૫૩૫૭ | રૂ ૪.૩૯ | ૩૭% |
| ખાનગી સાહસો | ૧૮૪૭૩ | રૂ ૬.૭૫ | ૧૬% | ૨૦૪૮૮ | રૂ ૫.૮૧ | ૧૭% |
| પાવર એક્ષચેન્જ અને અન્ય દ્વિપક્ષીય કરાર | ૧૭૦૬૨ | રૂ ૪.૫૬ | ૧૪% | ૧૫૦૫૦ | રૂ ૫.૪૦ | ૧૨% |
| બિનપરંપરાગત સ્ત્રોત | ૧૫૨૭૮ | રૂ ૩.૯૯ | ૧૩% | ૧૬૪૦૫ | રૂ ૩.૮૩ | ૧૩% |
| **કુલ** | **૧૧૯૨૮૬** | **રૂ ૫.૦૦** | **૧૦૦** | **૧૨૩૦૩૨** | **રૂ.૫.૦૨** | **૧૦૦** |

**(૬) રાજયના ગેસ આધારિત વીજમથકોની ક્ષમતા કેટલી છે?**

**- તથા છેલ્લા ૭ વર્ષમાં ગેસ આધારિત વીજળી શા ભાવે ખરીદવામાં આવેલ છે?**

**માનનીય ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટિલ**

જવાબ

- રાજ્ય પાસે ૨૪૭૪મે.વો ગેસ આધારિત વીજક્ષમતા ઉપલબ્ધ છે.
- અંતરાષ્ટ્રીય સ્તરે ગેસની શોર્ટેજ હોવાના કારણે આ વીજમથકોમાંથી પૂર્ણ પણે ઉત્પાદન મેળવવું શક્ય નથી.
- છેલ્લા ૭ વર્ષ દરમ્યાન ગેસ આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત.

| વર્ષ | મીલીયન યુનિટ | ફિક્સકોસ્ટ કરોડમાં | એનર્જીચાર્જ રૂ./ યુનિટ |
|---|---|---|---|
| 2023 | 691 | 1135 | રૂ. 10.31 |
| 2022 | 7 | 1316 | રૂ. 11.74 |
| 2021 | 1434 | 1231 | રૂ. 7.09 |
| 2020 | 9116 | 1327 | રૂ. 2.77 |
| 2019 | 2780 | 1368 | રૂ. 3.44 |
| 2018 | 3944 | 1696 | રૂ. 4.37 |
| 2017 | 3480 | 1710 | રૂ. 2.83 |

હાલની સ્થિતિએ સ્પોટ ગેસનો ભાવ અંદાજે USD 11/ MMBTU છે જેના માટે બળતણ ખર્ચ Rs. 8/યુનિટ છે.

**(૭) આયાતી કોલસાના પ્લાંટમાં ડોલર સામે રૂપિયાના ભાવથી શું ફરક પડે?**

**- ડોલરના ભાવમાં ૨૦૨૧થી ૨૦૨૩ દરમ્યાન શું ફેરફાર થયેલ છે ?**

**માનનીય ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ – વલસાડ**

<u>જવાબ</u>

આયાતી કોલસો international માર્કેટમાથી ટ્રેડ થાય છે. આયાતી કોલસો જે તે દેશની ખાણમાથી મેળવવામાં આવે છે. વૈશ્વિક પરિસ્થિતિ અને અન્ય આર્થિક પરિબળોને કારણે ડોલરની સામે રૂપિયાના ભાવ સતત બદલાતા રહેતા હોય છે. આયાતી કોલસા માટેની ચુકવણી ડોલર પ્રતિ મેટ્રિક ટનના ભાવ મુજબ થતી હોઈ છે. ડોલર સામે રૂપિયાના ભાવ બદલાવાના કારણે આયાતી કોલસાની પડતર કિમતમાં પણ વધઘટ થાય છે. વર્ષ ૨૦૨૧માં US ડોલરનો ભાવ ૭૩ રૂપિયા હતો જે હાલમાં ૮૩ રૂપિયા છે. જે US ડોલરની સામે રૂપિયામાં ૧૪% જેટલો ફેરફાર થયેલ છે. આયાતી કોલસાના પ્લાંટમાં ડોલર સામે રૂપિયાના ભાવથી આયાતી કોલસાની પડતર કિમતમાં પણ વધઘટ થાય છે.

## Details of HBA Index for 6322 Gross Calorific Value quality notified by Govt. of Indonesia

| Sr. | Month | 2021 | | | 2022 | | | 2023 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Coal Price (USD / MT) | Rs/ US Dollar | Coal Price INR / MT | Coal Price (USD / MT) | Rs/US Dollar | Coal Price INR / MT | Coal Price (USD / MT) | Rs/US Dollar | Coal Price INR / MT |
| 1 | Jan | 75.84 | 73.58 | 5581 | 158.50 | 74.87 | 11866 | 305.21 | 82.02 | 25035 |
| 2 | Feb | 87.79 | 73.16 | 6423 | 188.38 | 75.50 | 14222 | 277.05 | 83.17 | 23043 |
| 3 | March | 84.47 | 73.09 | 6174 | 203.69 | 76.64 | 15611 | 283.08 | 82.86 | 23455 |
| 4 | April | 86.68 | 75.20 | 6519 | 288.40 | 76.74 | 22131 | 265.26 | 82.39 | 21854 |
| 5 | May | 89.74 | 73.50 | 6596 | 275.64 | 77.99 | 21498 | 206.16 | 83.04 | 17119 |
| 6 | June | 100.33 | 74.30 | 7455 | 323.91 | 78.67 | 25482 | 191.26 | 82.50 | 15779 |
| 7 | July | 115.35 | 74.95 | 8646 | 319.00 | 80.20 | 25583 | 191.60 | 82.49 | 15806 |
| 8 | Aug | 130.99 | 74.56 | 9767 | 321.59 | 80.14 | 25773 | 179.90 | 83.29 | 14984 |
| 9 | Sep | 150.03 | 74.20 | 11133 | 319.22 | 80.87 | 25816 | 133.13 | 83.55 | 11123 |
| 10 | Oct | 161.63 | 75.51 | 12205 | 330.97 | 82.89 | 27435 | 123.96 | 83.65 | 10369 |
| 11 | Nov | 215.01 | 74.99 | 16124 | 308.20 | 81.95 | 25257 | 139.80 | 83.73 | 11706 |
| 12 | Dec | 159.79 | 75.83 | 12117 | 281.48 | 83.17 | 23410 | 117.38 | 83.68 | 9822 |
| | Average | 121.47 | 74.41 | 9061 | 276.58 | 79.14 | 22007 | 201.15 | 83.03 | 16675 |

## અગ્રતાક્રમ 2 - ટાટા પાવર બાબતે

1. મીનીસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકાર દ્વારા જાહેર થતો ઈલેક્ટ્રીસીટી એક્ટ હેઠળ સેક્શન ૧૧ નો નિર્દેશ શું છે?

   આવો નિર્દેશ ભારત સરકાર દ્વારા જાહેર કરવાના શા કારણો છે?

   સપ્ટેમ્બર ૨૦૨૨૧ બાદ આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થયેલ. વધુમાં, વર્ષ ૨૦૨૨ દરમ્યાન આયાતી કોલસાનો ભાવ USD 331/MT જેટલો વધી ગયેલ.

   આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થયેલ હોવાથી દેશના આયાતી કોલસા આધારિત વીજ પ્રોજકેટમાંથી ઉત્પાદનનો ઘટાડો થયેલ અને વિવિધ પ્રોજકેટ દ્વારા વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ.

   ઈલેક્ટ્રીસીટી એક્ટના સેક્શન ૧૧ હેઠળ સરકાર દ્વારા અસાધારણ સંજોગોમાં કોઈ પણ વીજ ઉત્પાદકને વીજ મથક ચાલુ રાખવા અને વીજ ઉત્પાદન કરવા માટેનો નિર્દેશ આપી શકે છે.

   વિકટ પરિસ્થિતિને ધ્યાને લેતા અને લોડ શેડિંગને નિવારવાના હેતુથી વર્ષ ૨૦૨૨માં, તા. ૫.૫.૨૦૨૨ ના રોજ મીનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા સેક્શન ૧૧ લાગુ કરવામાં માટે નિર્દેશ આપવામાં આવેલ. વધુમાં, દેશની વધતી જતી વીજમાંગ અને પુરતો વીજ પુરવઠો ઉપલબ્ધ રહે તે હેતુથી વર્ષ ૨૦૨૩ દરમ્યાન, તા. ૨૦.૨.૨૦૨૩ ના નિર્દેશ થકી સેક્શન ૧૧ માટે નિર્દેશ આપવામાં આવેલ જેની અવધી તા. ૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

## અગ્રતાક્રમ 2 - ટાટા પાવર બાબતે

2. ઈલેક્ટ્રીસીટી એક્ટ હેઠળ સેક્શન ૧૧ ના નિર્દેશ અંતર્ગત મેળવાયેલ વીજળી માટે વીજ દરની ચુકવણી ની શું જોગવાઈ છે?

રાજ્ય દ્વારા સેક્શન ૧૧ અંતર્ગત વીજ ખરીદી માટે ટાટા પાવરને ક્યાં દરે ચુકવણી કરવાની રહે છે?

મીનીસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સેક્શન ૧૧ ના પરિપત્ર અંતર્ગત વીજ ઉત્પાદક ને કરાર મુજબ ફિક્સ ચાર્જ ચૂકવવાની જોગવાઈ છે. વધુમાં, મીનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા Expert Committee નિમણુક કરવામાં આવેલ જેમના દ્વારા પ્રોજેક્ટ મુજબ આયાતી કોલસાનાં ભાવ મુજબ બેન્ચમાર્ક એનર્જી ચાર્જ જાહેર કરવામાં આવેલ છે જે પ્રોવિજનલ હોય છે અને સેક્શન 11 હેઠળ વીજ પુરવઠા માટેના હકીકતમાં થયેલ ખર્ચ આખીર (આખરી) કરવાની સત્તા વીજ નિયમન આયોગ પાસે છે.

હાલમાં, રાજ્ય દ્વારા વીજ ખરીદી પૈકી ટાટા પાવર ને વીજ કરાર મુજબ ફિક્સ ચાર્જ અને Expert Committee દ્વારા જણાવેલ એનર્જી ચાર્જ મુજબ ચુકવણી કરવામાં આવે છે.

વીજ નિયમન આયોગના આદેશ અનુસાર Payment કરી રહ્યા નથી અને ~~ચુકવણી~~ ગુજરાતના એપટેલ આદેશોની ના રહેતી Stay મળેલ છે એટલે કરવામાં આવતું Payment Provisional છે